(૨) (૧) જે તે તરણકુંડોમાં નવા પ્રવેશ માટે વર્ષના જાન્યુઆરી–એપ્રિલ–જુલાઈ અને ઓકટોબર માસમાં કાર્યવાહી કરવાનું અને જણાવેલ માસના છેલ્લા ૭ દિવસ ફોર્મ આપવાનું અને ૧ થી ૭ તારીખે ભરેલ ફોર્મ સ્વીકારવાનું તેમજ અગાઉના ચાલુ પ્રવેશો માટે, માસની અંતિમ તારીખ ૨૨ થી ૨૮ સુધીમાં ફી ભરી રીન્યુઅલ કરવાના રહેશે. જાહેર રજા/વીકલી રજા હોય તો તે પછીનો દિવસ ગણવાનો રહેશે અને તે મુજબ તેનો અમલ કરવો.

Housing Dept.
Inward No. ...
Date......

(૨) તરણકુંડમાં નવા આપવામાં આવતા ઓળખપત્રો લેમીનેશન કરાવી આપવાના રહેશે તથા ડુપ્લીકેટ ઓળખપત્રો ઠરાવેલ ફી લઈ લેમીનેશન કરી આપવાનો રહેશે.

(૩) હાલ સામાન્ય રીતે તરણકુંડોના બેચનો સમયગાળો ૪૫ (પિસ્તાળીસ)મીનીટનો હોય છે. તે ૪૫ મીનીટનો જ રાખવો. અને જે મુજબ સવારની પાળીમાં સળંગ ૦૫(પાંચ) બેચો ચાલતા હોય છે. અને સાંજ પાળીમાં પણ ૦૨(બે) બેચો ચાલે છે. આ તમામ બેચોમાં ફરજ ઉપર એકના એક જ સ્વીમીંગ ઈન્સ્ટ્રકટરો હોય છે. પરંતુ, બે બેચ વચ્ચે કોઈ વિરામ ગાળો હોતો નથી જેથી વહીવટી સરળતા ખાતર ૦૨(બે) બેચ વચ્ચે ૧૦ મીનીટનો વિરામ ગાળો રાખવા અને તદાનુસાર હાલના બેચના સમયમાં સુધારો કરવો. દરખાસ્ત સાથેના "પત્રક–બ" માં જણાવેલ સમયમાં તે મુજબ બેચનો સમય અને વિરામનો સમય જાળવી સમયપત્રક નવેસરથી તૈયાર કરી અમલ કરવા મ્યુ.કમિશ્નરશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

(૪) હાલમાં સુરત મહાનગરપાલિકા સંચાલિત તરણકુંડો સ્થાયી સમિતિના ઠરાવ નંબર ૨૮૧/૨૦૦૨ મુજબ ફીના ધોરણો અમલમાં છે તેમાં નીચે મુજબનો સુધારો કરી અમલ કરવા મ્યુ.કમિશ્નરશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

| ક્ર. નં. | વિગત | સુધારેલ દર રૂપિયા | રીમાર્કસ |
|---|---|---|---|
| ૧ | વ્યક્તિ દીઠ ત્રૈમાસીક ફી | રૂ.૩૦૦/- તરવૈયાઓ માટે | -શીખનાર માટે રૂ.૪૦૦/- -ત્રણ માસ થી વધુ પ્રવેશ નહી |
| ૨ | વ્યક્તિ દીઠ છ માસીક ફી | રૂ.૬૦૦/- તરવૈયાઓ માટે | -- |
| ૩ | વ્યક્તિ દીઠ વાર્ષિક ફી | રૂ.૧૦૦૦/- તરવૈયાઓ માટે | -- |
| ૪ | ગેસ્ટ ફી (બેચ દીઠ) | રૂ.૮૦/- | ગેસ્ટ કુશળ તરવૈયા હોય તો જ પ્રવેશ આપવો |
| ૫ | ડુપ્લીકેટ આઈડેન્ટીટી કાર્ડ | રૂ.૫૦/- | પ્રથમ આઈ કાર્ડ (લેમીનેશન) મફત આપવામાં આવશે |
| ૬ | પ્રત્યેક લોકર દીઠ ત્રૈમાસીક ફી | સુવિધા બંધ કરેલ છે | સામાન્યતઃ વપરાશ થતો નથી |
| ૭ | પ્રત્યેક લોકર દીઠ છ માસીક ફી | સુવિધા બંધ કરેલ છે | સામાન્યતઃ વપરાશ થતો નથી |
| ૮ | પ્રત્યેક લોકર દીઠ વાર્ષિક ફી | સુવિધા બંધ કરેલ છે | સામાન્યતઃ વપરાશ થતો નથી |
| ૯ | (અ) કોઈ પણ સંસ્થા કે જેમાં વધુમાં વધુ ૫૦ સભ્યો હોય તેવી સંસ્થા માટે દાખલ ફી<br>(બ)સંસ્થા દીઠ માસીક ફી | રૂ.૯૦૦૦/-<br>(માત્ર ૦૩ કલાક માટે રોજીંદા બેચ ના સમય સિવાયના સમય માટે) | માત્ર જાહેર રજા/વીકલી રજાના દિવસ માટે. મહાનગરપાલિકાની પૂર્વ પરવાનગી મેળવી પોતાની જવાબદારીએ ૦૩ કલાકના રૂ.૯૦૦૦/- મેઈન્ટેનન્સ ચાર્જ નોન રીફંડેબલ રકમ જમા કરાવી ઉપયોગ કરી શકશે. (ઠ.નં.૨૯૬/૨૦૦૦) નો સુધારો કરીને |
| ૧૦ | તરણકુંડમાં દાખલ થવા માટેના પ્રવેશ ફોર્મ દીઠ | રૂ.૫૦/- | -- |
| ૧૧ | શૈક્ષણિક સ્થાનિક/ રાજ્ય/ રાષ્ટ્રીય કક્ષાની હરીફાઈની પૂર્વ ટ્રેનીંગ પ્રવૃતિ માટે<br>-રાષ્ટ્રીય કક્ષાએ કે આંતર રાષ્ટ્રીય કક્ષાની હરીફાઈમાં ૧ થી ૩ નંબર મેળવી મેડલ મેળવનારને<br>આંતર રાષ્ટ્રીય ક્ષેત્રે સ્પર્ધામાં ભાગ લઈ ચૂકેલ<br>-ન.પ્રા.શિ.સ.ની શાળા અને સુમન હાઈસ્કુલના વિદ્યાર્થીઓને.<br>-સીનીયર સીટીઝનને. | વિનામૂલ્યે<br>વિનામૂલ્યે<br>વિનામૂલ્યે<br>૫૦% ફીમાં રાહત<br>૨૫% ફીમાં રાહત | શૈક્ષણિક હેતુની હરીફાઈ અંગે સક્ષમ સત્તાનું પ્રમાણપત્ર લેવાનું રહેશે.<br>-<br>-<br>-<br>- |

(૫) નવા શીખનાર સભ્યો માટે પ્રવેશ પ્રથમ માત્ર ૦૩ માસ માટે જ આપવાનો રહેશે. આ ૦૩ માસમાં શીખનારે ફરજીયાત ૬૦ દિવસની ટ્રેનીંગ લીધી હશે, તો જ ત્યારબાદ સ્વીમીંગ ઈન્સ્ટ્રક્ટર તેઓની તરણ શૈલી ચકાસી શીખાઉ બેચમાંથી તરવૈયાના બેચમાં દાખલ કરી શકશે. અન્યથા ફરી ૦૩ માસ માટે શીખાઉ બેચમાં રીપીટ કરશે. સ્વીમીંગ ઈન્સ્ટ્રક્ટરે તમામ શીખાઉ સભ્યોના હાજરી કાર્ડ પોતાની પાસે રાખી નિયમિત હાજરી લેવાની રહેશે અને જે મુજબ અમલ કરવાનો રહેશે.

(૬) શહેર/રાજય/રાષ્ટ્રીય કક્ષાની હરીફાઈઓમાં ભાગ લેવા તરણકુંડોની સેવાને વિના મૂલ્યે ફાળવવા સ્થાયી સમિતિ ધ્વારા ઠરાવ નં.૨૯૬/૨૦૦૦ અને ઠરાવ નં.૫૧૮/૨૦૦૭ થી મંજુર થયેલ છે. પરંતુ, જે ઠરાવમાં વિસ્તૃત છણાવટો ન હોય અને વિના મૂલ્યે સેવાનો લાભ લેવા માટે ચોકકસ સમય મર્યાદાગાળો નકકી ન થતો હોય, તથા ચોકકસ તરણકુંડ માટે ચોકકસ સમયગાળા માટે વિધિવત અરજી કરવાનું સ્પષ્ટ ન થતું હોય, જેથી ચોકકસ તરણકુંડ ઉપર વિના મૂલ્યે સેવાનો લાભ લેવા માટે વિવિધ ગૃપો/સંસ્થાઓ ધ્વારા વિવાદો ઉભા થતા હોય છે. જેથી આ ઠરાવમાં સુધારો કરવાની જરૂરીયાત જણાય છે.

જે મુજબ હરીફાઈઓમાં ભાગ લેવા તરણકુંડોની સેવાનો લાભ લેવા માટે.

(એ) અરજીમાં જે તે ગૃપ/સંસ્થાઓએ સ્પર્ધાના આયોજનની વિગતો જેમાં જે સ્પર્ધામાં ભાગ લેવાના હોય તેમાં કવોલીફાય થયા અંગેના પુરાવા

(બી) અરજીમાં સ્પર્ધાના આયોજનના દિવસો પહેલા, કેટલા દિવસો માટે સેવાનો લાભ જોઈશે અને કયા સમયે અને કયા તરણકુંડ માટે જરૂરીયાત રહેશે, તેની સ્પષ્ટતા સ્પર્ધકોના નામ–સંખ્યા સહિત જણાવવાના રહેશે. ખાસ સંજોગો સિવાય સુરત મહાનગરપાલિકા વધુ વધુમાં ૨૦ (વીસ) દિવસ ફાળવી શકશે તેથી વધુ દિવસ ફાળવવા માટે મ્યુ.કમિશ્નરશ્રી તથા અધ્યક્ષશ્રી, સ્થાયી સમિતિને સંયુકત રીતે અધિકૃત કરવામાં આવે છે.

(સી) ગૃપ/સંસ્થાને અરજી મંજુર થયા બાદ તેઓની સંપૂર્ણ જવાબદારીએ તરણકુંડ ફાળવવામાં આવશે. તેમજ ગૃપ/સંસ્થાએ પોતાની રાહે સ્વીમીંગ ઈન્સ્ટ્રકટર/ટ્રેઈનરની વ્યવસ્થા કરવાની રહેશે.

(ડી) જે માટે તરણકુંડના રેગ્યુલર બેચ સિવાયના, ૦૨(બે) કલાકના સમય માટે સભ્ય દીઠ રોજના રૂા.૨૦/– લેખે ફી એડવાન્સમાં વસુલવાનું મંજુર કરવા અને જેથી વિના મૂલ્યે ફાળવણીના તેટલા અંશે સ્થાયી સમિતિના ઠરાવ નં.૨૯૬/૨૦૦૦, ઠરાવ નં.૫૧૮/૨૦૦૭, તા.૨૨/૦૩/૦૭ તથા ઠરાવ નં.૨૮૧/૨૦૦૨, તા.૧૪–૩–૨૦૦૨ રદ કરવામાં આવે છે.

..જે મુજબ ફાળવણીની સત્તા, અરજી અને રજુ કરેલા પુરાવા વિગેરેના આધારે આપવા સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી અને મ્યુ.કમિશ્નરશ્રીને અધિકૃત કરવામાં આવે છે..

(૭) સામાન્યતઃ તરણકુંડના સભ્યો ધ્વારા તરણકુંડમાં છેલ્લા કેટલાક વર્ષથી અન્ય આયોજન માટે જાહેર રજા/વીકલી રજાના દિવસોએ તરણકુંડોની માંગણી કરવા અરજીઓ આવે છે. જે તરણકુંડના સુરક્ષાના મહત્વના ધોરણોને ધ્યાને રાખી હવે પછી સ્વીમીંગ એકટીવીટી સીવાય અન્ય કોઈ પણ આયોજન માટે તરણકુંડ ફાળવી શકાશે નહીં.

(૮) બાળ તરણકુંડો માટે પ્રવર્તમાન સામાન્ય સભાના ઠરાવ નં.૧૮૨/૯૧, તા.૨૬/૦૮/૧૯૯૧ મુજબ પ્રવેશ વય મર્યાદા ૩ થી ૧૨ વર્ષની રાખેલી છે. જેમાં સુધારો કરી આ તરણકુંડો માટે નવી વય મર્યાદા ૫ થી ૧૦ વર્ષ રાખવી તથા એટલા અંશે ઉપરોકત ઠરાવમાં સુધારો કરવો.

(૯) હવે પછી ૧૦ વર્ષ સુધીના બાળકો માટે શહેરમાં નવા બનનાર કોઈપણ સ્વીમીંગ પુલ માટે પાણીની ઊંડાઈ વધુમાં વધુ ૫' (ફુટ) ની રહે તેવા Shallow depth ના સ્વીમીંગ પુલોના આયોજન કરવા.

(૧૦) તરણકુંડોમાં સુરક્ષાના ધોરણોનું વધુમાં વધુ કડક નિયમન થાય તે જરૂરી છે. આથી, સ્વીમીંગ પુલોનાં નિયમોનાં ઉલ્લંઘન બદલ કે ગેરવર્તન બદલ તથા તરણકુંડના આઈકાર્ડ/રેકર્ડમાં ચેડાં કરનાર સભ્યનું કોઈ પણ કારણો દર્શાવ્યા સિવાય આઈ કાર્ડ જમા લઈ સભ્યપદ રદ કરવાની સીધી સત્તા ચીફ સ્વીમીંગ ઈન્સ્ટ્રકટરને આપવાનું મંજુર કરવામાં આવે છે અને તે મુજબ તેમણે અમલ કરવો.

(૧૧) ઉપરોકત નવી પોલીસીનો અમલ તા.૦૧/૦૮/૨૦૦૮ થી કરવાનો રહેશે અને જે મુજબ નવા પ્રવેશ પ્રક્રિયાના નિયમો મુજબ અમલ કરવાનો રહેશે.

<u>ઠરાવ નં.૫૧૨/૨૦૦૮ મંજુર.</u>

સ.ર.મ્યુ.કમિશ્નરશ્રી પ્રતિ,

સે ક્રે ટ રી,
સુરત મહાનગરપાલિકા,
તા. ૪-૦૮-૨૦૦૮.

SATISH...

સુરત મહાનગરપાલિકાની તા.૩૦–૫–૨૦૧૮ ના રોજ મળેલ

માસિક સાધારણ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો.:–

* * * * * * *

સ્થાયી સમિતિ ઠરાવ નં.૫૯૧/૨૦૧૮ થી ભલામણ કર્યા મુજબ, મહાનગરપાલિકા સંચાલિત તમામ તરણકુંડોના સરળ સંચાલન, સુરક્ષા અને નિભાવ માટે નીચે જણાવેલ નવા નીતિ નિયમો અને ધોરણો (પોલીસી) તા.૧–૪–૧૮ થી અમલી બનાવવાનું ઠરાવવામાં આવે છે.

(૧) શહેરમાં કાર્યરત ૧૫ સ્વીમીંગપુલ પૈકી નીચે જણાવેલ ૦૫ સ્વીમીંગપુલમાં માસિક સાધારણ સભા ઠરાવ નં.૫૧૨/૨૦૦૮ તા.૩૦/૦૭/૨૦૦૮ થી ઠરાવ્યા મુજબ સભ્યો રાખવા.

પત્રક–અ

| અ.નં. | સ્થળ |
|---|---|
| ૧ | દાદાભાઈ પાંડીયા |
| ૨ | અઠવા ચોપાટી |
| | બાળકો માટે પુલ |
| ૩ | લેડી.પુલ |
| ૪ | કતારગામ |
| ૫ | ઉધના |
| | બાળકો માટે પુલ |

(૨) શહેરમાં કાર્યરત ૧૫ પૈકી નીચે જણાવેલ ૧૦ સ્વીમીંગપુલમાં નીચે પત્રક 'બ' પ્રમાણે સભ્ય સંખ્યા રાખવી.

પત્રક–બ

| અ.નં. | સ્થળ | મહતમ સભ્ય સંખ્યા |
|---|---|---|
| ૧ | રૂસ્તમપુરા | ૧૭૫ |
| ૨ | મીનીબજાર | ૧૭૫ |
| | બાળકો માટે પુલ | ૩૦ |
| ૩ | અડાજણ | ૧૭૫ |
| ૪ | લકકડ કોટ | ૧૪૦ |
| ૫ | વરાછા ચોપાટી | ૧૭૫ |
| ૬ | અડાજણ ડાઈવીંગ | ૧૭૫ |
| ૭ | સીંગણપોર | ૧૭૫ |
| ૮ | ડુંભાલ | ૧૭૫ |
| ૯ | ડીંડોલી | ૧૭૫ |
| | બાળકો માટે પુલ | ૩૦ |
| ૧૦ | પાલ | ૧૭૫ |

સ્વીમીંગ પુલ
ઈનવર્ડ નં. ૯૩
તા. ૭/૬/૨૦૧૮

૨..

(૩) સ્વીમીંગપુલમાં ૨૦૧૮–૧૯ થી નીચે જણાવેલ ફી ધોરણો રાખવા.

| અ.નં. | વિગત | તરવૈયાઓ માટે | | રીમાર્કસ |
|---|---|---|---|---|
| ૧. | ૨. | ૩. | | ૪. |
| ૧ | વ્યકિત દીઠ ત્રિમાસીક ફી શીખનાર માટે | (૧) એપ્રિલ થી જુન<br>(૨) જુલાઈ થી સપ્ટે.<br>(૩)ઓકટો. થી ડીસે.<br>(૪) જાન્યુ. થી માર્ચ | રૂા.૧૨૦૦/–<br>રૂા.૧૨૦૦/–<br>રૂા.૭૦૦/–<br>રૂા.૭૦૦/– | –શીખનાર માટે રૂા.૧૨૦૦/–<br>– ત્રણ માસથી વધુ પ્રવેશ નહી. |
| ૨ | વ્યકિત દીઠ છ માસીક ફી | (૧)માર્ચ થી ઓકટો.<br>(૨) નવે. થી ફેબ્રુ. | રૂા.૨૦૦૦/–<br>રૂા.૯૦૦/– | –– |
| ૩ | વ્યકિત દીઠ વાર્ષિક ફી | રૂા.૨૪૦૦/– | | –– |
| ૪ | ગેસ્ટ ફી (બેચ દીઠ) | રૂા.૨૦૦/– | | ગેસ્ટ કુશળ તરવૈયા હોય તો જ પ્રવેશ આપવો. |
| ૫ | ડુપ્લીકેટ આઈડેન્ટીટી કાર્ડ | રૂા.૧૦૦/– | | પ્રથમ આઈકાર્ડ (લેમીનેશન) મફત આપવામાં આવશે. |
| ૬ | (અ) કોઈપણ સંસ્થા કે જેમાં વધુમાં વધુ ૫૦ સભ્યો હોય તેવી સંસ્થા માટે દાખલ ફી<br>(બ)સંસ્થા દીઠ માસીક ફી | રૂા.૧૫,૦૦૦/–<br>(માત્ર ૩ કલાક માટે રોજીંદા બેચના સમય સિવાયના સમય માટે) | | માત્ર જાહેર રજા/વીકલી રજાના દિવસ માટે. મહાનગરપાલિકાની પૂર્વ પરવાનગી મેળવી પોતાની જવાબદારીએ ૩ કલાકના રૂા.૧૫૦૦૦/– મેઈન્ટેનન્સ ચાર્જ નોન રીફંડેબલ રકમ જમા કરાવી ઉપયોગ કરી શકશે. |
| ૭ | તરણકુંડમાં દાખલ થવા માટેના પ્રવેશ ફોર્મ દીઠ | ફી | | રજીસ્ટ્રેશનની કાર્યવાહી તેમજ ફી ઓનલાઈન કરવાની છે. |
| ૮ | શૈક્ષણિક સ્થાનિક / રાજય / રાષ્ટ્રીય કક્ષાની હરીફાઈની પૂર્વ ટ્રેનીંગ પ્રવૃત્તિ માટે<br>–રાષ્ટ્રીય કક્ષાએ કે આંતર રાષ્ટ્રીય કક્ષાની હરીફાઈમાં ૧ થી ૩ નંબર મેળવી મેડલ મેળવનારને<br>આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે સ્પર્ધામાં ભાગ લઈ ચૂકેલ. | વિનામૂલ્યે<br>વિનામૂલ્યે<br>વિનામૂલ્યે | | શૈક્ષણિક હેતુની હરીફાઈ અંગે સક્ષમ સત્તાનું પ્રમાણપત્ર લેવાનું રહેશે.<br>–<br>– |

| ૧. | ૨. | ૩. | ૪. |
|---|---|---|---|
| ૯ | – ન.પ્રા.શિ.સ.ની શાળા અને સુમન હાઈસ્કુલના વિદ્યાર્થીઓને. | ૫૦ % ફીમાં રાહત | |
| | – સીનીયર સીટીઝનને. | ૨૫ % ફીમાં રાહત | |
| ૧૦ | બેચ ટ્રાન્સફર ફી (ફકત ૧૦ સભ્યો પ્રતિ માસ ) | રૂા.૨૦૦/– | (૧) વધુમાં વધુ ૧૦ ટ્રાન્સફર પ્રતિ માસ કરવામાં આવશે. (૨) બેચ ટ્રાન્સફર વખતે હયાત સભ્યોની સંખ્યાના આધારે ટ્રાન્સફરની પરમીશન આપવામાં આવશે. જે અંગે સ્વીમીંગપુલ ઈન્ચાર્જનો નિર્ણય માન્ય રાખવાનો રહેશે. |

માર્ચથી ઓકટોબર સુધી સવારના ૬–૧૫ કલાકે તથા નવેમ્બરથી ફેબ્રુઆરી સુધી સવારના ૭–૦૦ કલાકે પ્રથમ બેચ શરૂ કરવો.

(૪) સ્વીમીંગ સભ્યોને Bio Metric હાજરી પુરવાની પ્રથા ચાલુ કરવી.

(૫) દરેક સ્વીમીંગપુલ પર સભ્યોની નોંધણીથી લઈ ફી વિગેરેની સુવિધા Online કરવી.

(૬)સુધારેલ ફી ના ધોરણો નાણાંકીય વર્ષ સને ૨૦૧૮–૧૯ થી અમલમાં લાવવાનું અને ત્યારબાદ દરેક ૩ નાણાંકીય વર્ષ પૂર્ણ થયા બાદ વાર્ષિક ફી માં રૂા.૧૦૦/– નો વધારો કરવો.

(૭)સ્વીમીંગપુલ સંચાલન માટે સ્ટાફની જવાબદારીઓ દર્શાવતા નીચે જણાવેલ પરિશિષ્ટ 'ખ' ની જાણ લેવામાં આવે છે.

<u>પરિશિષ્ટ–ખ</u>

**મહાનગરપાલિકા સંચાલિત સ્વીમીંગપુલોના મરામત–નિભાવ સંચાલન માટે નિયત કાર્યપ્રણાલી (Standard Operating Procedure) તથા જવાબદારીઓ :–**

**ચીફ સ્વીમીંગપુલ ઈન્સ્ટ્રકટર**

૧. ચીફ સ્વીમીંગપુલ ઈન્સ્ટ્રકટરે મહાનગરપાલિકા સંચાલિત તમામ તરણકુંડો ઉપર દેખરેખ રાખવાની રહેશે તથા તેનું સંચાલન કરવાનું રહેશે.

૨. ચીફ સ્વીમીંગપુલ ઈન્સ્પેકટરે તેઓના તાબા હેઠળના તમામ કર્મચારીઓ જેવા કે સીનીયર/જુનીયર સ્વીમીંગપુલ ઈન્સ્ટ્રકટર, લેડી સીનીયર/જુનીયર સ્વીમીંગપુલ ઈન્સ્ટ્રકટર, પ્લાન્ટ ઓપરેટર, વાયરમેન, કલાર્ક, બેલદારો, મુકાદમને ફરજની સોંપણી કરવાની રહેશે.

૩. ચીફ સ્વીમીંગપુલ ઈન્સ્ટ્રકટરે તેમના તાબા હેઠળના કર્મચારીઓના પ્રશ્નો સાંભળીને હલ કરવાના રહેશે જરૂર જણાયે ઉપરી અધિકારીશ્રી સાથે પરામર્શ કરી આદેશ મેળવી પ્રશ્નોનું નિરાકરણ લાવવાનું રહેશે.

૪. સ્વીમીંગપુલ ખાતે જરૂરી માલસામાન મંગાવવાનો રહેશે અને તેનું સ્ટોક રજીસ્ટર નિભાવવાનું રહેશે.

૫. મુખ્ય કચેરી ખાતે સંબંધિત ખાતા સાથે સીધો સંપર્ક રાખી સ્વીમીંગપુલોને લગતી તમામ પ્રકારની કામગીરી કરવાની રહેશે.

૬. મહાનગરપાલિકા સંચાલિત તમામ સ્વીમીંગપુલોનું સિવિલ, ઈલેકટ્રીક અને મિકેનિકલ કામોના મરામત અને નિભાવની કામગીરીનું સંકલન સંબંધિત વિભાગો/ઝોન સાથે કરવાનું રહેશે અને સ્વીમીંગપુલો વ્યવસ્થિત રીતે કાર્યરત રહે તે મુજબ કામગીરી કરવાની રહેશે.

૭. સ્વીમીંગપુલો ખાતે દિવસે કે રાત્રીના સમયે કંપાઉન્ડ વોલ પાર કરીને કે અન્ય રીતે સ્વીમીંગપુલની પ્રિમાઈસીસમાં અનઅધિકૃત રીતે વ્યકિતઓ પ્રવેશ થતા હોવાના કિસ્સામાં જરૂર જણાયે કંપાઉન્ડ વોલ ઉંચી કરાવવી, કાંટાળા તારની ફેન્સીંગ કરાવવી વિગેરે કામો સંબંધિત વિભાગો /ઝોન મારફતે કરાવવાના રહેશે ટુંકમાં સ્વીમીંગપુલ બેચ સિવાયના સમયમાં સ્વીમીંગપુલની પ્રિમાઈસીસમાં અનઅધિકૃત રીતે વ્યકિતઓનો પ્રવેશ ન થાય તે મુજબ તમામ પ્રબંધ કરવા/કરાવવાના રહેશે.

૮. સુરત મહાનગરપાલિકા ધ્વારા નકકી થયેલ સભ્ય સંખ્યાની મહત્તમ મર્યાદામાં જ દરેક બેચમાં પ્રવેશ આપેલ છે કે કેમ તે બાબતે ચકાસણી કરવાની રહેશે.

૯. સ્થળ ઉપર અકસ્માતના સંજોગોમાં જે તે સ્વીમીંગપુલની નજીકમાં આવેલ પોલીસ સ્ટેશન ખાતે એફ.આઈ.આર અથવા તો જાણવા જોગ ફરીયાદ નોંધાવવાની રહેશે.

**સીનીયર /જુનીયર સ્વીમીંગપુલ ઈન્સ્ટ્રકટર :–**

૧. સીનીયર સ્વીમીંગપુલ ઈન્સ્ટ્રકટર જે સ્વીમીંગપુલના ઓવર ઓલ ઈન્ચાર્જ રહેશે જે સ્વીમીંગપુલ ખાતે સીનીયર સ્વીમીંગપુલ ઈન્સ્ટ્રકટરની નિમણુંક/પોસ્ટીંગ થયેલ ન હોય તે જગ્યાએ જુનીયર સ્વીમીંગપુલ ઈન્સ્ટ્રકટર ઈન્ચાર્જ તરીકે રહેશે અને કાર્યો અને ફરજો બજાવવાની રહેશે.

૨. સીનીયર/જુનીયર સ્વીમીંગપુલ ઈન્સ્ટ્રકટરે સવારનો પ્રથમ બેચ અને બપોરનો પ્રથમ બેચ શરૂ થાય એ પહેલા ૩૦ મિનિટ અગાઉ ફરજ ઉપર હાજર થવાનું રહેશે અને સવારનો તથા બપોરનો છેલ્લો બેચ પુર્ણ થાય ત્યારબાદ ૩૦ મિનિટ બાદ ફરજ સ્થળ છોડવાનું રહેશે. દરેક બેચનું તેઓની સંપુર્ણ દેખરેખમાં સંચાલન કરવાનું રહેશે. સીનીયર/જુનીયર સ્વીમીંગપુલ ઈન્સ્ટ્રકટરે દરેક બેચ પુર્ણ થાય ત્યારબાદ સ્વીમીંગપુલ ચેકીંગ કરવાનું રહેશે. જયાં સુધી બધા જ સભ્યો બહાર ન જાય ત્યાં સુધી બીજી બેચના અથવા ત્યારપછીના બેચના સભ્યોને પ્રવેશ આપવો નહી.

૩. સીનીયર/જુનીયર સ્વીમીંગપુલ ઈન્સ્ટ્રકટરે સ્વીમીંગપુલ ખાતેનો ફીલ્ટરેશન પ્લાન્ટ વાયરમેન/ પ્લાન્ટ ઓપરેટર ધ્વારા જરૂરીયાત મુજબ કાર્યરત રહે તે મુજબ જરૂરી કાર્યવાહી કરવાની રહેશે.

૪. સ્વીમીંગપુલ ખાતે દરેક બેચમાં હાજર સભ્યોનું હાજરીપત્રક ચેક કરવાનું રહેશે તેમજ આઈકાર્ડની પણ રેન્ડમ ચકાસણી કરવાની રહેશે.

૫. દરેક બેચ પુર્ણ થાય ત્યારબાદ બહાર જતા સભ્યોએ હાજરી પત્રકમાં સહી કરવાની રહેશે અને ત્યારબાદ બહાર જવા દેવામાં આવશે આ બાબતે સિકયુરીટી સ્ટાફ સાથે રહી જરૂરી સંકલન કરવું.

૬. સીનીયર/જુનીયર સ્વીમીંગપુલ ઈન્સ્ટ્રકટરે દર ૧૫ દિવસે સ્વીમીંગપુલના પાણીની ગુણવત્તાની ચકાસણી મહાનગરપાલિકાની હાઈડ્રોલીક વિભાગની ખટોદરા લેબોરેટરી ખાતે કરાવી રીપોર્ટ રેકર્ડની જાળવણી કરવાની રહેશે સદર કામગીરી પ્લાન્ટ ઓપરેટર/બેલદાર મારફતે કરાવવાની રહેશે.

૭. સ્વીમીંગપુલ ડેક એરિયામાં સ્વીમીંગ સભ્યો સિવાય અન્ય વ્યકિતઓને પ્રવેશ આપવો નહી. ખાસ કરીને નાના બાળકોના માતા– પિતા– વાલી જો આવેલ હોય તો બિલ્ડીગના કંપાઉન્ડમાં રહી શકશે પરંતુ બિલ્ડીંગ કે ડેક એરિયામાં પ્રવેશી શકશે નહિ.

૮. સીનીયર/જુનીયર સ્વીમીંગપુલ ઈન્સ્ટ્રકટરે દરેક બેચ શરૂ થયેથી દરેક બેચ પુર્ણ થાય ત્યાં સુધી સ્વીમીંગપુલના ડેક એરિયા ઉપર સતત હાજર રહેવાનું રહેશે. આકસ્મિક સંજોગોમાં પ્લાન્ટ કે ઓફિસમાં જવું પડે તો જવાનું રહેશે.

૯. શિખાઉ બેચ માટે દરેક સભ્યોને ફલોટ બાંધેલ છે કે નહિ તેની ચકાસણી કરવાની રહેશે અને ત્યારબાદ જ સ્વીમીંગપુલમાં તરવાની પરવાનગી આપવાની રહેશે. શિખાઉ બેચમાં ફલોટ વગર કોઈપણ સભ્યને સ્વીમીંગપુલમાં ઉતરવા દેવું નહી.

૧૦.જે સભ્યની ટ્રેઈનીંગ (શિખાઉ કામગીરી) પુર્ણ થયેલ હોય અને સીનીયર/જુનીયર સ્વીમીંગપુલ ઈન્સ્ટ્રકટરને યોગ્ય લાગે કે આ સભ્ય ફલોટ વગર તરી શકશે તે સંજોગોમાં જ ફલોટ વગર તરવા દેવામાં આવશે. આ બાબતે સીનીયર/જુનીયર સ્વીમીંગપુલ ઈન્સ્ટ્રકટરોનો નિર્ણય સભ્યોને આખરી બંધનકર્તા રહેશે.

૧૧.આકસ્મિક સંજોગોમાં સીનીયર/જુનીયર સ્વીમીંગપુલ ઈન્સ્ટ્રકટરે સૌ પ્રથમ બનાવની જાણ ચીફ સ્વીમીંગપુલ ઈન્સ્ટ્રકટરને અથવા તો ઉપરી અધિકારીશ્રીને કરવાની રહેશે અને તાકીદે ૧૦૮ નંબર ઉપર જાણ કરી એમ્બ્યુલન્સ બોલાવવાની રહેશે.૧૦૮ એમ્બ્યુલન્સ તેઓની નિયત કાર્યપધ્ધતિ મુજબ આગળની કાર્યવાહી કરશે.

૧૨.આકસ્મિક સંજોગોમાં સભ્ય પાણી પી જાય, વાગે, લોહી નીકળે, ઘા પડે વિગેરે સંજોગોમાં સીનીયર/જુનીયર સ્વીમીંગપુલ ઈન્સ્ટ્રકટરે સભ્યને પ્રાથમિક સારવાર આપવાની રહેશે અને જરૂર જણાયે ઈમરજન્સી કેસ લાગે તો આગળની કાર્યવાહી માટે ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવીને આગળની કાર્યવાહી કરવાની રહેશે.

૧૩.શિખાઉ સભ્યોને તરણકળા શીખવવી સભ્યોની સલામતીનું ધ્યાન રાખવું તથા તરણકુંડની સાફસફાઈની દેખરેખ રાખવી.

૧૪.ઈમરજન્સી પરિસ્થતિમાં બેલ વગાડીને સ્વીમીંગપુલ ખાલી કરાવવાનું રહેશે અને તમામ સભ્યોને ડેક ઉપર આવવા સુચના આપવાની રહેશે.

૧૫.સુરત મહાનગરપાલિકા ધ્વારા નકકી થયેલ સભ્ય સંખ્યાની મહત્તમ મર્યાદામાં જ દરેક બેચમાં પ્રવેશ આપવાનો રહેશે તથા તેટલા જ સભ્યોને બેચ દીઠ પ્રવેશ આપવાનો રહેશે. દરેકબેચમાં નિયત કરતા વધારે સભ્યો કોઈપણ સંજોગોમાં પ્રવેશ આપવો નહીં.

પ્લાન્ટ ઓપરેટર :–

૧. દરરોજ બેચ શરૂ થયાના ૩૦ મિનિટ પહેલા આવી પ્લાન્ટ રૂમ તેમજ પુલના પાણીમાં કલોરીનની માત્રા ચકાસણી કરવાની રહેશે.

૨. કલોરીનની માત્રા ચકાસણી કર્યા બાદ જરૂર જણાતા કલોરીન પંપ ચાલુ કરવાના રહેશે.

૩. ફિલ્ટર પંપ અને ફિલ્ટર રૂમની તમામ ઈલેકટ્રીકલ/મિકેનિકલ મેઈન્ટેનન્સની દેખરેખ સાથે મરામતની જરૂર જણાતા જુનીયર સ્વીમીંગ ઈન્સ્ટ્રકટર /સીનીયર સ્વીમીંગ ઈન્સ્ટ્રકટર/ચીફ સ્વીમીંગ ઈન્સ્ટ્રકટર મારફત જે તે ઝોનમાં ફરિયાદ કરવાની રહેશે.

૪. કલોરીનેટર મેઈન્ટેનન્સ એજન્સી કલોરોટેક એન્જીનીયરીગ સાથે સંકલન કરવાનું રહેશે.

૫. કલોરીનના સીલીન્ડર માટે વરાછા વર્કસ સાથે સંકલન કરવાનું રહેશે.

૬. હાલની પ્રોસીજર મુજબ દર ૧૫ દિવસે પાણીની ગુણવત્તા ચકાસણી માટે ખટોદરા લેબ ખાતે મોકલી મળેલ રીપોર્ટસના રેકર્ડ વ્યવસ્થિત રાખવાના રહેશે.

૭. સીનીયર /જુનીયર ઈન્સ્ટ્રકટરની સુચનાઓનું પાલન કરવાનું રહેશે.

૮. પ્લાન્ટ રૂમમાં જાહેર જનતાને પ્રવેશવા દેવું નહિ કોઈ પણ અનધિકૃત પ્રવેશની ઘટના થતા જુનીયર /સીનીયર સ્વીમીંગ ઈન્સ્ટ્રકટરના ધ્યાને લાવવાનું રહેશે.

સિકયુરીટી સ્ટાફ :–

૧. દરેક સ્વીમીંગ પુલ ખાતે કંપાઉન્ડ ગેટ તથા બિલ્ડીગના મુખ્યધ્વારની તાળાની ચાવી ફરજ ઉપરના સિકયુરીટી સ્ટાફ પાસે રાખવાની રહેશે. સિકયુરીટી સ્ટાફે જરૂરીયાત મુજબ અંદર/બહારથી તાળુ લગાડવાનું રહેશે. શીફટ બદલાય તે સંજોગોમાં ચાવીની આપ–લે કરવાની રહેશે.

૨. સિકયુરીટી સ્ટાફે દરેક બેચ વખતે આવનાર સભ્યોનું આઈ કાર્ડ ચકાસણી કરી હાજરી પત્રકમાં નોંધ કરાવી પ્રવેશ આપવાનો રહેશે.

૩. હાજરી પત્રક સિકયુરીટી સ્ટાફે નિભાવવાનું રહેશે અને સીનીયર/ જુનીયર સ્વીમીંગપુલ ઈન્સ્ટ્રકટર પાસે રેન્ડમ ચેકિંગ કરાવવાનું રહેશે.

૪. દરેક બેચ પુર્ણ થાય ત્યારબાદ બહાર જતા સભ્યોએ હાજરીપત્રકમાં સહી કરવાની રહેશે અને ત્યારબાદ તેઓને EXIT કરાવવાના રહેશે. બેચ પુર્ણ થતા પહેલા અનિવાર્ય સંજોગો સિવાય કોઈપણ સભ્યને બહાર જવા દેવુ નહિ અને તે બાબતની જાણ સીનીયર/ જુનીયર સ્વીમીંગપુલ ઈન્સ્ટ્રકટરને કરવાની રહેશે.

૫. સીનીયર/જુનીયર સ્વીમીંગપુલ ઈન્સ્ટ્રકટરની હાજરી સિવાય કોઈપણ સભ્યને સ્વીમીંગપુલ ડેક એરિયામાં પ્રવેશ કરવા દેવો નહિ.

**મુકાદમ /બેલદાર :–**

૧. તરણકુંડની સવારની પ્રથમ બેચ તથા બપોરની પ્રથમ બેચ શરૂ થવાના ૩૦ મિનિટ પહેલા ફરજ પર હાજર થવું અને સવારનો છેલ્લો બેચ પુર્ણ થાય અને બપોરનો છેલ્લો બેચ પુર્ણ થાય ત્યારબાદ ૩૦ મિનિટ પછી સંપુર્ણ સાફ સફાઈ કરીને ફરજનું સ્થળ છોડવું.

૨. તરણકુંડની અંદર બહાર બિલ્ડીંગમાં, કમ્પાઉન્ડમાં, ડેક એરિયામાં, પ્લાન્ટ એરિયામાં વિગેરે ખાતે તમામ પ્રકારની સાફ–સફાઈની કામગીરી કરવી. સ્વીમીંગપુલ ખાતે પ્લાન્ટેશન હોય તો તેની જાળવણી કરવી તથા પાણી છાંટવું તથા તેની માવજત તથા મરામતની કામગીરી કરવી.

૩. પ્લાન્ટેશનોના કચરાની સાફ સફાઈ કરવી તથા તેનો યોગ્ય નિકાલ કરવો.

૪. તરણકુંડમાં જરૂરીયાત મુજબ તેમજ સીનીયર/ જુનીયર સ્વીમીંગપુલ ઈન્સ્ટ્રકટરની સુચના મુજબ સેકશન સ્વીપર ચલાવી પાણીની સફાઈ કરવી તેમજ સકસન કરેલ પાણીનો યોગ્ય નિકાલ કરવો.

૫. સ્વીમીંગપુલની આજુબાજુના ડેકની સાફ સફાઈ કરવી.

૬. આકસ્મિક સંજોગોમાં ઉપરી સ્ટાફને મદદ કરવા ઉપરી અધિકારી/ કર્મચારીના આદેશનું પાલન કરવું.

૭. શિખાઉ /રેગ્યુલર બેચમાં સભ્યોને મદદરૂપ થવું.

૮. પ્લાન્ટ/ઓપરેટર /વાયરમેનને મદદરૂપ થવું.

૯. દરેક બેચમાં આવતા સભ્યોને સ્વીમીંગપુલ ખાતે એન્ટ્રી કરાવવી.

૧૦. શિખાઉ સભ્યોને ફલોટ બાંધવા /બંધાવવા

(૮) સ્વીમીંગપુલ સંચાલનના બાકીના નીતિ નિયમો અગાઉ ઠરાવ્યા મુજબના રહેશે.

(૯) હાલમા વીકલી ઓફ બુધવારે હોય છે તેની જગ્યાએ વીકલી ઓફ રવિવારે રાખવો. તદઉપરાંત મેઈન્ટેનન્સને ધ્યાને લઈ શનિવારે બપોર પછીના બેચો બંધ રાખવા.

ઠરાવ નં.૧૭૧/૨૦૧૮ મંજુર.

==============================

સ.ર.મ્યુ.કમિશનરશ્રી પ્રતિ,

સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા,
તા.૦૯-૬-૨૦૧૮.

Jariwala Mukesh R.

Received On
Dt. 8/6/18

નં. સી.સા.સ./ક/ ૮૪
તા. ૭/૬/૨૦૧૮

પોલીસી ફાઈલ નં. ૭૯૩

ACE (DMJ)
-0678

Ex.Eng (Mon.)

સાદર રજુ,

**<u>વિષય</u>**:- શહેર વિસ્તારના સુરત મહાનગરપાલિકા સંચાલિત હયાત તરણકુંડો તેમજ નવા નિર્માણ થઇ કાર્યરત થનાર તરણકુંડો પર નવા પ્રવેશ માટેનાં રજીસ્ટ્રેશન અને રીન્યુઅલની કાર્યવાહી ઓનલાઇન કરવા માટે પ્રવર્તમાન ફી નાં માસિક સમય ધોરણોમાં તથા મહત્તમ સભ્ય સંખ્યામાં શિખાઉ તથા તરવૈયાની સભ્ય સંખ્યા નિયત કરી જરૂરી સુધારા કરી ઓનલાઇન અમલીકરણ કરવા મંજુરી મળવા બાબત.

સવિનય જણાવવાનું કે, શહેર વિસ્તારમાં સુરત મહાનગરપાલિકા સંચાલિત હાઉસીંગ ખાતા હસ્તક ૧૬ તરણકુંડો હાલ કાર્યરત છે. ટૂંક સમયમાં વધુ ૦૧(એક) ઉત્રાણ તરણકુંડ કાર્યરત થનાર છે. હાલમાં તમામ તરણકુંડો ખાતે શિખાઉ અને તરવૈયા બેચમાં મહત્તમ સભ્ય સંખ્યા તેમજ ફીના માસિક ધોરણો સુરત મહાનગરપાલિકાની સામાન્ય સભાનાં ઠરાવ નં.:-૫૧૨/૨૦૦૮ તા.૩૦/૦૭/૨૦૦૮ તથા સામાન્ય સભાનાં અંતિમ ઠરાવ નં.:-૧૭૧/૨૦૧૮ તા.૩૦/૦૫/૨૦૧૮થી નકકી થયા મુજબની નિતી નિયમો અને ધોરણો(પોલીસી) મુજબ અમલ કરવામાં આવે છે.

હવે પછી તમામ તરણકુંડો ખાતે નવા પ્રવેશ માટેનાં રજીસ્ટ્રેશન અને રીન્યુઅલની કાર્યવાહી ઓનલાઇન કરવાની હોય જેમાં ઉપરોક્ત ઠરાવોમાં જણાવેલ ફીના ચોકકસ માસિક સમય મર્યાદાનાં ધોરણો અને મહત્તમ સભ્ય સંખ્યાની ચોકકસ સ્પષ્ટતાઓ સહિત ઓનલાઇન સીસ્ટમ તૈયાર કરવા માટે ફીના માસિક ધોરણોમાં તથા શિખાઉ અને તરવૈયા બેચમાં મહત્તમ સભ્ય સંખ્યામાં સુધારો કરવાની જરુરિયાત છે. જેથી ઓનલાઇન પ્રક્રિયાથી નવા સભ્યોનાં રજીસ્ટ્રેશન અને જુના સભ્યોના રીન્યુઅલ પ્રવેશની કાર્યવાહીમાં સરળતા લાવી શકાય.

આથી સામાન્ય સભા ઠરાવ નં.૧૭૧/૨૦૧૮ તા.૩૦/૦૫/૨૦૧૮ થી નકકી થયા મુજબનાં મંજુર ફીના ધોરણોમાં માસિક સમય ધોરણોમાં ફી સહિત નીચે જણાવેલ સુધારો કરવાની જરૂર છે.

| અ.નં. | વિગત | તરવૈયા માટે | | રી-માર્ક્સ | સુધારો કરવા જોગ વિગત | |
|---|---|---|---|---|---|---|
| ૧. | ૨. | ૩. | | ૪. | ૫. | |
| ૧. | વ્યકિત દીઠ ત્રિમાસિક ફી શીખનાર માટે | (૧) એપ્રિલ થી જુન<br>(૨) જુલાઇ થી સપ્ટેમ્બર<br>(૩) ઓકટોબર થી ડિસેમ્બર<br>(૪) જાન્યુઆરી થી માર્ચ | રૂા.૧૨૦૦/-<br>રૂા.૧૨૦૦/-<br>રૂા.૭૦૦/-<br>રૂા.૭૦૦/- | - શીખનાર માટે રૂા.૧૨૦૦/-<br>- ત્રણ માસથી વધુ પ્રવેશ નહી. | Nil | |
| ૨. | વ્યકિત દીઠ છ માસિક ફી | (૧) માર્ચ થી ઓકટોબર<br>(૨) નવેમ્બર થી ફેબ્રુઆરી | રૂા.૨૦૦૦/-<br>રૂા.૯૦૦/- | ---<br>--- | (૧) એપ્રિલ થી સપ્ટે.<br>(૨) જુલાઇ થી ડિસે.<br>(૩) ઓકટો. થી માર્ચ<br>(૪) જાન્યુ. થી જુન | રૂા.૨૦૦૦/-<br>રૂા.૯૦૦/-<br>રૂા.૯૦૦/-<br>રૂા.૨૦૦૦/- |
| ૩. | વ્યકિત દીઠ વાર્ષિક ફી | રૂા.૨૪૦૦/- | --- | --- | (૧) એપ્રિલ થી માર્ચ<br>(૨) જુલાઇ થી જુન<br>(૩) ઓકટો.થી સપ્ટે.<br>(૪) જાન્યુ. થી ડિસે. | રૂા.૨૪૦૦/-<br>રૂા.૨૪૦૦/-<br>રૂા.૨૪૦૦/-<br>રૂા.૨૪૦૦/- |

આ કોષ્ટકનાં અનુક્રમ નં. ૦૪ થી ૧૦ માં જણાવેલ કોલમોમાં સુધારો કરવા જોગ જણાતો નથી.

❖ **<u>ઓનલાઇન પ્રવેશ પ્રક્રિયામાં નીચેની બાબતોનો સમાવેશ કરવામાં આવશે.</u>**

- ઓનલાઇન પ્રવેશ પ્રક્રિયા પ્રથમ એક તરણકુંડ પર પ્રાયોગિક ધોરણે શરૂ કરી તેને સફળ અમલીત કરી ત્યાર બાદ બાકીનાં તમામ તરણકુંડો પર તેનો અમલ કરવામાં આવશે.
- ઓનલાઇન પ્રવેશ પ્રક્રિયામાં ઓનલાઇન ફીનાં પ્રવેશની સાથે જે તે તરણકુંડો ઉપર ઓફલાઇન પેમેન્ટ પણ આ પોગ્રામ હેઠળ સ્વીકરવામાં આવશે.
- કોઇ કારણસર જો અરજદારે ઓનલાઇન કરેલ નવા રજીસ્ટ્રેશન/રીન્યુઅલ ગ્રાહય ન રાખી શકાય અને રદ કરવામાં આવે તો તે સંજોગોમાં ફી પરત મળવા પાત્ર રહેશે નહી.

૨...

**નવા પ્રવેશ માટેના રજીસ્ટ્રેશનની પ્રક્રિયાઃ-**

- તમામ તરણકુંડોમાં નવા પ્રવેશ(શિખાઉ સભ્યો) માટેના રજીસ્ટ્રેશની કાર્યવાહી ઓનલાઇન પ્રક્રિયા મારફત કેલેન્ડર વર્ષનાં જાન્યુઆરી-એપ્રિલ-જુલાઇ અને ઓકટોબર માસની તારીખઃ- ૧ થી ૭ સુધીમાં જ પ્રવેશ ફી ઓનલાઇન જમા કરાવવાની રહેશે.
- ૫૦ વર્ષ થી નાની ઉંમરનાં શિખાઉ સભ્યોએ એમ.બી.બી.એસ. અથવા એમ.ડી. ડૉકટરની સહી-સિકકા વાળું નિયત કરેલ સર્ટીફિકેટ અને ૫૦ વર્ષ કે તેથી વધુ વર્ષનાં ઉંમરનાં શિખાઉ સભ્યોએ ફરજીયાત એમ.ડી. ડૉકટરનાં સહી-સિકકા વાળું નિયત કરેલ સર્ટીફિકેટ ડાઉનલોડ કરી અપલોડ કરાવવાનું રહેશે.
- શિખાઉ સભ્યોએ પોતાની ઓળખના પુરાવા માટે આધારકાર્ડ તથા પાસપોર્ટ સાઇઝનાં ફોટા પોતાની સહી સાથે અપલોડ કરવાનાં રહેશે.
- ૧૬ વર્ષથી નાની ઉંમરના સભ્યોએ પોતાની ઓળખ તથા ઉપરોક્ત પુર્તતા સાથે જવાબદાર વાલી/ગાર્ડિયન ની નામ ઓળખ વિગતો સહી સાથે અપલોડ કરવાની રહેશે.

**રીન્યુઅલ પ્રવેશની પ્રક્રિયાઃ-**

- તમામ તરણકુંડો ખાતે ઓનલાઇન પોગ્રામ મારફત ઉપરોક્ત જણાવેલ કોષ્ટકનાં કોલમ નં.:-૦૫માં જણાવેલ સુધારા મુજબ રેગ્યુલર સભ્યો અંતિમ ચાલુ માસની તારીખઃ- ૨૨ થી ૨૮ સુધીમાં ઓનલાઇન/ઓફલાઇન રીન્યુઅલ પ્રવેશ ફી ભરી મેળવી શકશે. આ તારીખમાં રીન્યુઅલ ન કરી શકનાર સભ્યો તે પછીના માસની તારીખઃ- ૧ થી ૫ સુધીમાં રીન્યુઅલ પ્રવેશ પ્રક્રિયા કરી શકશે. ઉપરોક્ત કોષ્ટકમાં જણાવેલ ત્રિ-માસિક, છ-માસિક અને વાર્ષિક ફીનાં સમય ધોરણો મુજબ સભ્યને પોગ્રામમાં આમેજ કરવા બાકી એક/બે માસ માટે ૨૦૦/- રૂપિયા પ્રતિ માસની ફી ભરાવાની રહેશે.

**રીન્યુઅલ ન કરાવેલ અને ફરી પ્રવેશ ઇચ્છુક તરવૈયા સભ્યોની પ્રવેશની પ્રક્રિયાઃ-**

- ઉપરોક્ત રીન્યુઅલ પ્રવેશ ન કરી શકેલ સભ્યોએ ફરી પ્રવેશ માટે ફરજીયાત નવા પ્રવેશ માટેની પ્રક્રિયા મુજબ દરેક માસની તારીખઃ- ૧ થી ૫ સુધીમાં મેડીકલ સર્ટીફિકેટ સાથે રીન્યુઅલ પ્રવેશ મેળવી શકશે. પરંતુ નિયત માસિક સમય ધોરણો ની વચ્ચેના માસમાં રીન્યુઅલ પ્રવેશ મેળવવાથી સ્લેબનાં ગુમાવેલ આગળનાં માસની ફી મજરે લેવાનો લાભ મળવા પાત્ર રહેશે નહી.

❖ **મહત્તમ સભ્ય સંખ્યામાં સુધારો.**

શહેરમાં કાર્યરત ૧૬ તરણકુંડો પૈકી નીચે જણાવેલ ૦૫ તરણકુંડોમાં માસિક સાધારણ સભાનાં ઠરાવ નં.૫૧૨/૨૦૦૮ તા.૩૦/૦૭/૨૦૦૮ થી નકકી થયા મુજબ મહત્તમ સભ્ય સંખ્યા દર્શાવતા પત્રક-અ માં નીચે જણાવેલ સુધારો કરવાની જરૂર છે.

| અ. નં. | તરણકુંડ | તરણકુંડની સાઇઝ | સભ્યોના પ્રકાર | મહત્તમ સભ્ય સંખ્યા (બેચ દીઠ) | | સુધારો કરવા જોગ વિગત મહત્તમ સભ્ય સંખ્યા(બેચ દીઠ) | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | શિખાઉ | તરવૈયા | શિખાઉ | તરવૈયા | રી-માર્કસ |
| ૧. | દાદાભાઇ પાંડીયા તરણકુંડ | (૦૯ × ૧૮) મી | પુરૂષઃ- | ૪૦ | ૬૦ | Nil | Nil | - તરણકુંડમાં સભ્યોની સલામતી માટે બેચ દીઠ સભ્ય સંખ્યા મર્યાદીત કરવાની હોય છે. પરંતુ સભ્યોની ગેરહાજરીને ધ્યાને લઇ શિખાઉ સભ્યમાં મહત્તમ સભ્ય સંખ્યામાં વધુ ૨૫ અને તરવૈયા સભ્યની મહત્તમ સભ્ય સંખ્યામાં વધુ ૫૦ સભ્યોનો ઓનલાઇન પ્રવેશ આપવા જોગ છે. |
| ૨. | ચોપાટી તરણકુંડ | (૧૦ × ૨૪) મી | પુરૂષઃ- | ૭૫ | ૧૫૦ | Nil | Nil | |
| | ચોપાટી બાળ તરણકુંડ | (૧૮.૨૯ × ૯.૧૪) મી | બાળકોઃ- | ૩૦ | --- | Nil | ૪૦ | |
| ૩. | મહિલા તરણકુંડ | (૧૩ × ૨૫) મી | મહિલાઃ- | ૭૫ | ૧૦૦ | Nil | Nil | |
| ૪. | કતારગામ તરણકુંડ | (૧૩ × ૨૫) મી | પુરૂષઃ- | ૭૫ | ૧૦૦ | Nil | Nil | |
| ૫. | ઉધના તરણકુંડ | (૧૩ × ૨૫) મી | પુરૂષઃ- | ૭૫ | ૧૫૦ | Nil | Nil | |
| | ઉધના બાળ તરણકુંડ | અનિયમિત આકાર | બાળકોઃ- | ૩૦ | --- | Nil | ૩૦ | |

સાદર રજુ,

મે.ડે.મ્યુ.કમિશ્નર અને નોડલ ઓફિસરશ્રી, રાઈટ ટુ ઈન્ફર્મેશન સેલ, સુરત મહાનગરપાલિકાની તા.૨૭/૦૪/૨૦૨૩ ના પત્ર નં. આરટીઆઈ સેલ/૧૨ થી જણાવ્યા મુજબ સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ પર વિવિધ ખાતા અને ઝોનની માહિતી દર્શાવી નિભાવવામાં આવે છે. સદરહુ દર્શાવવામાં આવેલ માહિતી અપડેટેડ રાખવા તથા વેબસાઈટ પર મુકવામાં આવેલ માહિતીની ચકાસણી કરીને સુધારા વધારા કરવા જોગ માહિતીની (હાર્ડ કોપી અને સોફટ કોપી સહિત) વિગત ઈન્ફર્મેશન સિસ્ટમ વિભાગને મોકલી આપવા તથા પત્રમાં જણાવ્યા મુજબનું સર્ટીફીકેટ પણ વિભાગીવડા મારફત મોકલવા જણાવેલ છે.

સ્વીમીંગપુલ(પી.આઈ.સેલ)ની જે માહિતી ઈન્ટરનેટ ઉપર માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ નાં કાયદાની કલમ–૪(૧)ખ ની જોગવાઈ મુજબ ૧ થી ૧૭ મુદ્દાની માહિતી તા.૦૧/૦૫/૨૦૨૩ ની સ્થિતિને અધતન કરવામાં આવેલ છે. જે માહિતી વેબસાઈટ ઉપર પ્રસિધ્ધ કરવા (હાર્ડ કોપી અને સોફટ કોપીમાં) આઈએસડી પ્રતિ મોકલવા મંજુરી મળવા વિનંતી. તથા ઉકત પેરા–૨ માં જણાવેલ નોંધ મુજબ તૈયાર કરેલ એનેક્ષર–એ મુજબનું પ્રમાણપત્ર ઉપર આપશ્રીની સહી થઈ આવવા વિનંતી.

ચીફ સ્વીમીંગ ઈન્સ્ટ્રકટર,
(તરણકુંડ વિભાગ)

કાર્યપાલક ઈજનેરશ્રી,
પી.આઈ.સેલ,

માન.ઈ.ચા. ડે.મ્યુનિ. કમિશ્નરશ્રી.